|| ॐ શ્રી સાઈરામ ||

|| ॐ શ્રી સાઈ યશા:કાયશિરડીવાસિને નમઃ || (૧૯)

પૂર્વાવતારમાં 'શિરડી સાઈ' ને નામે પ્રસિદ્ધ એવા

શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રી સત્યસાઈબાબાએ ૧૪ વર્ષની ઉંમરે પોતે શિરડી સાઈ છે, એમ જાહેર કર્યું. એટલું જ નહીં, પણ ૧૯૬૩ સાલની ગુરુપૂર્ણિમાને દિવસે, શિરડીસાઈ, સત્યસાઈ અને આ પછી આવનારા પ્રેમસાઈ અવતાર વિશે અધિક માહિતી સ્વામીએ ઉપસ્થિતોને આપી. જે આ પૂર્વે કોઈને ખબર ન હતી.

૧૯૪૦ સાલે પોતે શિરડી સાઈનો પુનરાવતાર છે એમ જાહેર કર્યા પછી, અનેક લોકો તેમના દર્શન કરવા માટે આવતા. તેમાંથી ઘણા લોકોને શિરડી વિશે ખબર ન હતી, પરંતુ બાબા જ તેમના ભજનમાંથી (દ્વારા) ધૂણી, વિભૂતિ, દ્વારકામાઈ, લીમડાનું વૃક્ષ, બુટીની હવેલી (વાડો), સમાધિમંદિર, એમ બધાની માહિતી આપતા અને વર્ણન કરતા.એટલું જ નહીં, પણ એકવાર તેમણે સૌ.સુબમ્મા તેમજ તેમની ઉપર શંકા કરવાવાળા કૃષ્ણમ્માચારી નામના વકીલ અને પેદવેંકપ્પા રાજુને શિરડી સાઈની સમાધિ, લીમડાનું વૃક્ષ, ખંડોબા મંદિર, ઇત્યાદિનું દર્શન પુટ્ટપર્તિમાં જ કરાવ્યું. આ ઘટના પછી શ્રી. પેદવેંકપ્પા રાજુના મનમાંની બાબા વિશેની બધી શંકા દૂર થઈ ગઈ.

ત્યાર પછી પણ અનેક ઘટનાઓમાંથી 'પોતે' પૂર્વાવતારમાં 'શિરડી સાઈ' ના નામથી પ્રસિદ્ધ હતા તે સ્વામીએ બતાવી આપ્યું. તેમાંની આ એક ઘટના.

૧૯૬૧ સાલની, નવરાત્રીમાં સર્વ પ્રથમ ' વેદપુરુષ સપ્તાહ જ્ઞાનયજ્ઞ' નો ભગવાન બાબાએ સંકલ્પ કર્યો. તે પ્રમાણે સર્વ બ્રહ્મવૃંદ (બ્રાહ્મણો) ને બોલાવીને બ્રહ્મશ્રી શિવરામ બૈરાગી શાસ્ત્રીના નેતૃત્વ નીચે આ યજ્ઞ કરવાનું નક્કી કર્યું.

આ યજ્ઞ પૂર્ણપણે વિધિવત્ થવો જોઈએ એવો ભગવાનનો આગ્રહ હતો, એટલે તેમણે બ્રહ્મશ્રી શિવરામ બૈરાગી શાસ્ત્રીના નેતૃત્વ નીચે યજ્ઞ કરવાનું નક્કી-કર્યું. એટલે તેમણે બ્રહ્મશ્રી શિવરામ બૈરાગી શાસ્ત્રીને બોલાવીને કહ્યું કે- યજ્ઞ માટે જોઈતી બધી સામગ્રીની યાદી તમે મને લાવી આપો, એટલે બધી સામગ્રી તમને વ્યવસ્થિતપણે મળશે. ' આ રીતે તેમના સહકારીઓ

સાથે વાતચીત કરીને તૈયાર કરેલી યાદી તેમણે ભગવાન બાબાને આપી અને તે પ્રમાણે સર્વ સામગ્રી ત્યાં લાવવામાં આવી.

પરંતુ, આ બધું થયા પછી પણ, યજ્ઞ શરૂ થવાની પાંચ મિનિટ પહેલાં શાસ્ત્રીજીના ધ્યાનમાં આવ્યું કે તેમનાથી એક મોટી ભૂલ થઈ ગઈ છે કે યજ્ઞ માટે જોઈતો એક વિશિષ્ટ (વિશેષ) પ્રકારનો કળશ મંગાવવાનું તેઓ ભૂલી ગયા હતા. એનાથી ભયભીત થયેલા શાસ્ત્રીજીએ શરણાગત થઈને ભગવાનને પોતાની ભૂલ કહી. કૃપાસાગર સ્વામી ફક્ત એટલું જ બોલ્યા કે-"એટલા માટે જ બધી યાદી મેં તમારી પાસેથી માંગી હતી. હવે ફક્ત પાંચ જ મિનિટ યજ્ઞનું શુભમુહૂર્ત શરૂ થવા માટે બાકી છે." એટલું બોલીને ભગવાન બાબા અંદર ગયા અને બરાબર ત્રણ મિનિટ પછી પાછા બહાર આવ્યા, તે હાથમાં અતિશય સુંદર કલાકારી (નક્શીકામ) કરેલો, જેની ઉપર દેવ-દેવતાઓનાં ચિત્ર કોતરેલા હતા તેવો ચાંદીનો કળશ લઈને.

આ રીતનો અત્યંત યોગ્ય પદ્ધતિનો કળશ જોતા જ આશ્ચર્યચકિત થયેલા શાસ્ત્રીજી તરફ જોતાં ભગવાન બાબા બોલ્યા-' મેં શિરડી અવતારમાં આ કળશ ચિંચોલીના રાજમહેલમાં મૂક્યો હતો. હમણાં તે નકામી વસ્તુઓમાં પડેલો હતો. અત્યારે ત્યાં જઈને હું તે લઈ આવ્યો છું. એટલે ત્રણ મિનિટ લાગી.' આ કળશ ઉપર સા.બા. એમ લખેલું હતું. જેનો અર્થ છે સાઈબાબા.

એવા આ પૂર્વ અવતારમાં શિરડીસાઈને નામે પ્રસિદ્ધ એવા ભગવાન શ્રી સત્યસાઈની અનેક લીલાઓનો અનુભવ લેવાનું ભાગ્ય આપણને મળ્યું છે, તે કેવળ તેમની કૃપાથી જ.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||